**ત્રણ વર્ષમાં શરતોના ભંગ બદલ 2.50 કરોડનો દંડ છતાં**

# કચરાના કૌભાંડીને બ્લેકલિસ્ટને બદલે કોન્ટ્રાક્ટ લંબાવવા તજવીજ

**5મી જાન્યુઆરીએ 'સી.ડી.ટ્રાન્સપોર્ટ'નો ઇજારો પુરો થયો છે : મનપા કમિશનર હવે કયુ સ્ટેન્ડ લે છે ? તેના પર દારોમદાર**

સુરત : શહેરમાંથી એકત્ર થતા સોલિડ વેસ્ટનું વૈજ્ઞાનિક ઢબે પ્રોસેસિંગ અને નિકાલ કરવા માટે ભાજપ શાસકોના આશીર્વાદથી ત્રણ વર્ષનો મલાઈદાર કોન્ટ્રાક્ટ મેળવનાર 'સીડી ટ્રાન્સપોર્ટ'નો કોન્ટ્રાક્ટ ગત 5 જાન્યુઆરીના રોજ પૂર્ણ થઇ ગયો છે. તેમ છતાં મનપા દ્વારા અત્યાર સુધી નવા ટેન્ડરની કોઇ સ્પષ્ટ કાર્યવાહી હાથ ધરવામાં આવી નથી, અને બ્લેક લીસ્ટ કરવાને બદલે ઇજારો લંબાવવા તજવીજ હોથ ધરાઇ હોય, હવે રાજકીય ઓથ ધરાવતા ઇજારદાર અને અધિકારીઓ સામે મનપા કમિશનરનુ સ્ટેન્ડ કેવુ રહેશે તેવા પર દારોમદાર છે. ત્રણ વર્ષના કાર્યકાળ દરમિયાન ઈજારદારની ઢીલી કામગીરી અને લાપરવાહીના કારણે સુરત મહાનગરપાલિકાને બે-ત્રણ વખત શરમજનક સ્થિતિમાં મૂકાવાની નોબત આવી હતી. કાંકરીયા ગામના પ્રકરણમાં તો મનપા જાહેરમાં ફિક્સમાં આવી હતી. છતાં આ તમામ ગંભીર બાબતો વચ્ચે મનપા ઓથોરિટી દ્વારા એજન્સી સામે માત્ર સામાન્ય નોટિસ અને પેનલ્ટી વસૂલાત સિવાય કોઇ કડક કાર્યવાહી કરવામાં આવી નથી. કોન્ટ્રાક્ટ પૂર્ણ થવાની તારીખ અગાઉથી જાણ હોવા છતાં, તંત્ર દ્વારા છથી આઠ માસ પૂર્વે આગોતરી ટેન્ડર પ્રક્રિયા કેમ હાથ ધરવામાં આવી ન હતી? તે મોટો પ્રશ્ન છે. દોઢ-બે માસ અગાઉ એક વખત ટેન્ડર બહાર પાડવામાં આવ્યા હતા, પરંતુ એક પણ બીડ આવી નહોતી. ત્યારબાદ બીજી વખત ટેન્ડર બહાર પાડવામાં આવ્યું નથી. મનપા સૂત્રોમાં ચર્ચા છે કે ટેન્ડરમાં એવી શરતો રાખવામાં આવી હતી કે કોઇ એજન્સી બીડ ન કરી શકે અને કૃત્રિમ મજબૂરી ઉભી કરીને સી.ડી. ટ્રાન્સપોર્ટનો કોન્ટ્રાક્ટ નવા ટેન્ડર સુધી લંબાવી શકાય. હવે મનપા કમિશનરની પણ અગ્નિ પરીક્ષા સામે આવી છે.ત્રણ વર્ષમાં જેને અઢી કરોડનો દંડ કરાયો, 16 કરોડથી વધુ રકમ અટકાવી રખાય છે અને મનપાને શરમજનક સ્થિતીમાં મુકનાર એજન્સીને કોન્ટ્રાકટની મુદત વધારી આપવાની દરખાસ્ત પર કમિશનર સહી કરે છે કે કેમ ? તે જોવાનું રહ્યું. રાજકીય દબાણથી કોન્ટ્રાક્ટ લંબાવવાની તજવીજ સામે મામલો સરકાર સુધી પહોંચે તેવી પૂરેપૂરી શક્યતા વ્યક્ત થઇ રહી છે. સાથે જ જવાબદાર અધિકારીઓ સામે કાર્યવાહી થવાની સંભાવન નકારી શકાય તેમ નથી.

## ત્રણ વર્ષમાં સી.ડી. ટ્રાન્સપોર્ટએ 50 ટકા કામ પણ કર્યુ નથી,ને 107 કરોડ ચુકવી દેવાયા

ટેન્ડર મુજબ એજન્સીએ દૈનિક ન્યૂનતમ 2500 મેટ્રિક ટન અને ત્રણ વર્ષમાં કુલ 30 લાખ મેટ્રિક ટન મ્યુનિસિપલ સોલિડ વેસ્ટનું પ્રોસેસિંગ કરવાનું હતું, પરંતુ હકીકતમાં એજન્સી 15 લાખ મેટ્રિક ટન પણ પ્રોસેસ કરી શકી નથી. આમ છતા ત્રણ વર્ષમાં એજન્સી સી.ડી. ટ્રાન્સપોર્ટને 107 ચુકવાઇ ગયા છે. મનપાના રેકોર્ડ મુજબ અત્યાર સુધીમાં અંદાજે 14 લાખ મેટ્રિક ટન કચરો પ્રોસેસ થયો છે. ટેન્ડરની શરતોના ભંગ છતા એજન્સી સામે કડક કાર્યવાહી કરવા બદલે માત્ર 10 લાખ રૂપિયાનો મામૂલી દંડ ફટકારી છાવરવામાં આવી રહયા છે. તંત્ર ચૂપ બેઠું છે.

## ટીટીપી મુદ્દે કાર્યપાલક સસ્પેન્ડ તો, કચરા કૌભાંડ છતાં એન્વાયરો એન્જિનિયરિંગ બીન્દાસ્ત

મનપાની પ્રતિષ્ઠાને ગંભીર હાનિ પહોચાડાય તો સસ્પેન્શન અથવા બ્લેકલિસ્ટિંગ જેવી કાર્યવાહી કરાઇ છે. દિવાળી પહેલા ટર્સરી ટ્રીટમેન્ટ પ્લાન્ટની દરખાસ્તમાં મનપાને આર્થિક નુકશાન જેવી ચુક બદલ સીટી ઇજનરેને ચાર્જશીટ અને કાર્યપાલકને સસ્પેન્ડ કરાયા પરંતુ કચરા કૌભાંડમાં મનપાને કરોડોનો ચુનો લાગવા છતા રાજકીય આશિર્વાદના કારણે એજન્સી સામે નરમ વલણ અને ત્રણ નાના કર્મચારીઓને શો-કોઝથી કામ ચલાવાયું છે. જેની સીધી જવાબદારી છે તે એન્વાયરો એન્જિનિયર શરદ કાકલોતરની પુછપરછ સુધ્ધા થઇ નથી.

## ડાયમંડ બુર્સ ઉદ્ઘાટન વખતે મોદી સામે વટાણા વેરાતા 5 કરોડનો ખર્ચ કરવો પડયો હતો

વડા પ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે ડ્રીમ સિટીમાં નિર્મિત ડાયમંડ બુર્સ પ્રોજેક્ટના ઉદ્ઘાટન કાર્યક્રમ દરમિયાન સી.ડી. ટ્રાન્સપોર્ટ દ્વારા સ્થળ પર સોલિડ વેસ્ટ પ્રોસેસિંગની કામગીરી ન કરાતા કચરાના વિશાળ ઢગલા ઊભા થઇ ગયા હતા. આ શરમજનક સ્થિતિ તાત્કાલિક દૂર કરવા મનપાને 5 કરોડ રૂપિયા કરતાં વધુનો વધારાનો ખર્ચ કરવો પડ્યો હતો. ટેન્ડરની શરત મુજબ રોજિંદા 2500 મેટ્રિક ટન સોલિડ વેસ્ટનું પ્રોસેસિંગ કરવાનું હોવા છતાં એજન્સી દ્વારા માત્ર 500 થી1000 મેટ્રિક ટન જેટલો કચરો જ નિકાલ કરવામાં આવતો હતો. પરિણામે ખજોદ ડિસ્પોઝલ સાઇટ પર કચરાના ડુંગરો બની ગયા હતા. વડા પ્રધાનની મુલાકાત પૂર્વે મનપાએ ન છૂટકે આ ડુંગરોનો અલગથી નિકાલ કરાવ્યો હતો.

## સ્વચ્છતા સર્વેક્ષણમાં કેન્દ્રની ટીમે શંકા વ્યક્ત કરી હતી

2024ના સ્વચ્છતા સર્વેક્ષણ દરમિયાન કેન્દ્રની ટીમે ખજોદ ડિસ્પોઝલ સાઇટ અંગે મનપા દ્વારા રજૂ કરાયેલા ફોટોગ્રાફ્સ અને કામગીરીના અહેવાલો પર શંકા વ્યક્ત કરી હતી. કેન્દ્રની ટીમે સાઇટની જાતે વિઝિટ કરવાની આગ્રહભરી માંગણી કરી હતી. આ સમયે મનપાના આરોગ્ય વિભાગે જેમ તેમ વ્યવસ્થા ગોઠવીને સ્થિતિ સંભાળવાનો પ્રયાસ કર્યો હતો.

# કચરા કૌભાંડમાં મ્યુ.કમિ.ની જવાબદારી નક્કી કરો

**રૂ. 200-250 કરોડના કચરા ઇજારામાં માત્ર રૂ. 10 લાખનો દંડ : દર્શન**

**આ પ્રકારના કૌભાંડના આક્ષેપ**

- ખજોદ ખાતે 3000 ટન પ્રતિદિન કચરાનું રિસાયકલિંગ થયું જ નહીં
- બાયો-મેડિકલ વેસ્ટ પણ સ્વીકારાયો હોવાનો આક્ષેપ
- બ્લેકલિસ્ટિંગ, ડિપોઝિટ જપ્ત અને વર્ક ઓર્ડર રદ કરવાની માંગ

સુરતઃ સુરત મહાનગરપાલિકા દ્વારા શહેરના કચરા સંકલન અને નિકાલ માટે નિયુક્ત કરવામાં આવેલી સીડી ટ્રાન્સપોર્ટ એજન્સી સામે થયેલી ગેરકાયદે ડમ્પિંગની કાર્યવાહી માત્ર રૂ.10 લાખના દંડ સુધી સીમિત રાખવામાં આવતા ભારે વિવાદ ઊભો થયો છે. આ મામલે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી દર્શન નાયકે રાજ્ય સરકારના શહેરી વિકાસ વિભાગ સહિતના ઉચ્ચ અધિકારીઓને વિસ્તૃત લેખિત રજૂઆત કરીને ઉચ્ચસ્તરીય તપાસ, ફોજદારી કાર્યવાહી અને એજન્સીને બ્લેકલિસ્ટ કરવાની માંગણી કરી છે.

સુરત મહાનગરપાલિકાએ 200થી 250 કરોડના મોટા કચરા ઈજારા સામે માત્ર 10 લાખનો દંડ ફટકારીને મામલાને દબાવવાનો પ્રયાસ કર્યો છે. કોંગ્રેસનો આક્ષેપ છે કે આ દંડ ન તો પર્યાપ્ત છે અને ન તો કાયદેસર ગુનાની ગંભીરતા મુજબ છે. આ કાર્યવાહી ઈજારદાર તેમજ પાલિકાના જવાબદાર અધિકારીઓને બચાવવાનો પ્રયાસ હોવાનું પણ જણાવ્યું છે. એન્વાયરોમેન્ટ (પ્રોટેક્શન) એક્ટ અને અન્ય પર્યાવરણીય કાયદાઓ મુજબ આ પ્રકારનું ગેરકાયદે વેસ્ટ ડમ્પિંગ ફોજદારી ગુનો હોવા છતાં, અત્યાર સુધી કોઈ FIR કે ક્રિમિનલ એક્શન લેવામાં આવ્યું નથી. લાંબા સમય સુધી ચાલેલી ડમ્પિંગની પ્રવૃત્તિ કાર્યપાલક ઈજનેર અને વિભાગીય અધિકારીઓની જાણકારી વગર શક્ય નથી.

# બાજીપુરામાં સુમુલના MDને 3 કલાક બાનમાં લેવાયા

**600 થી વધુ સભાસદોએ પુરોહિતને ચૂંટણી ત્વરિત કરાવવા અને ડી લિમિટેશન મુદ્દે હાઇકોર્ટ જે ચુકાદો આપે એ મુજબની એફિડેવિટ કરવા ફરજ પાડી**



સુરત,વાલોડઃ સુમુલ ડેરીની વ્યવસ્થાપક કમિટીની ચૂંટણી સમયસર કરાવવા અને કસ્ટોડિયનની નિમણૂંકને પડકારતી પીટીશન પર ગુજરાત હાઈકોર્ટમાં તમામ પક્ષકારોને દલીલો પૂરી થયા પછી ગુજરાત હાઈકોર્ટ આવતીકાલે 9 મી એ ચુકાદો આપે તે પહેલા આજે સુમુલ ડેરીના બાજીપુરા પ્લાન્ટ ખાતે સભાસદોની રજૂઆત સાંભળવા પહોંચેલા સુમુલના એમડી. અરૂણ પુરોહિતને 7 તત્કાલીન ડિરેક્ટરોની હાજરીમાં 600 થી 800 સભાસદોના જૂથે ઘેરી લઈ ત્રણ કલાક બાનમાં રાખી એફિડેવિટ લખાવી લીધાની હકીકત સામે આવી છે.

ત્રણ કલાક સુમુલના એમડી. પુરોહિત નો ઘેરાવ કરી એવું લખાણ લેવામાં આવ્યું હતું કે, પુરોહિત કાલે હાઈકોર્ટમાં અગાઉથી તૈયાર એફિડેવિટ મૂકશે જેમાં લખાવવામાં આવ્યું છે કે, સુમુલની ચૂંટણી ત્વરિત,સમયસર થાય એમાં સંસ્થાને કોઈ વાંધો નથી.સુમુલની વ્યવસ્થાપક કમિટીની બેઠકો વધારવા પૂર્વ ડિરેક્ટરે કરેલી પિટિશનનો હાઈકોર્ટ ભવિષ્યમાં જે ચુકાદો આવે એ બધાને માન્ય રહેશે. સુમુલ પર મોરચો લાવ્યા પછી માજી પ્રમુખ અને ઉપપ્રમુખ રાજુ પાઠક જૂથના ડિરેક્ટરોને એમડી.અરુણ પુરોહિતે ગુરુવારે સવારે 10.30 કલાકે રજૂઆત સાંભળવા સમય આપ્યો હતો. રાજકીય શક્તિ પ્રદર્શન થાય એમ 600 થી 800 સભાસદો પણ પહોંચ્યા હતા.

સુમુલના એમ.ડી.ને ચૂંટણી ન યોજાવા અંગેના કારણો પૂછતાં તેઓ કોર્ટ કેસોનો ઉલ્લેખ કર્યો હતો. જ્યારે સભાસદોએ કોર્ટે ચૂંટણી યોજવા કોઈ સ્ટે કોર્ટે આપ્યો ન હોવાની રજૂઆત કરી હતી. એક સમયે વાતાવરણ ઉગ્ર બન્યું હતું. અને આખરે સભાસદોની માંગ મુજબ એમ.ડી. દ્વારા એફિડેવિટ ઉપર સહી કરી જે કોર્ટમાં રજૂ કરી નિયમ મુજબ ચૂંટણી કરવા જણાવ્યું હતું.

# ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા કરાતું અપમાન મોદી કેમ મૌનપણે સહન કર્યા કરે છે?



કોઈ પણ બે દેશોના વડાઓ મળતા હોય છે ત્યારે તેમાં ઘણી બધી વાતો બનતી હોય છે, જેને જાહેર કરવા જેવી હોતી નથી. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ આ પાયાની નીતિમાં માનતા નથી. તેઓ વારે ને તહેવારે તેવી વાતો જાહેરમાં કરીને વટાણા વેરી દેતા હોય છે. ડોનાલ્ડ ટ્રમ્પે ફરી એક વાર એવી વાતો કહેવાનું શરૂ કર્યું છે જેનાથી મોદી સરકાર અસ્વસ્થ થઈ રહી છે. ડોનાલ્ડ ટ્રમ્પે દાવો કર્યો છે કે વડા પ્રધાન મોદીએ તેમને મુલાકાત માટે કહ્યું હતું કે ''સાહેબ, કૃપા કરીને હું તમને મળી શકું છું. મેં હા પાડી કારણ કે મારા તેમની સાથે ખૂબ સારા સંબંધો છે.'' ડોનાલ્ડ ટ્રમ્પના આ નિવેદન પર ભારતમાં ચર્ચા ચાલી રહી છે કે શું ભારતના વડા પ્રધાને અમેરિકન રાષ્ટ્રપતિ સાથે આ ભાષામાં વાત કરી હતી? ભારતના મુખ્ય વિપક્ષી પક્ષ કોંગ્રેસે તેના X હેન્ડલ પરથી ટ્રમ્પનો એક વીડિયો પોસ્ટ કર્યો અને લખ્યું કે ''ટ્રમ્પ રાષ્ટ્રપતિ બન્યા પછી ભારતના વડા પ્રધાન મોદી આમંત્રણ વગર અમેરિકા ગયા હતા. તમને યાદ હશે કે વિશ્વના નેતાઓમાં મોદી એકમાત્ર એવા છે જેમને ડોનાલ્ડ ટ્રમ્પ ગેટ પર આવકારવા આવ્યા ન હતા. હવે મને સમજાયું કે શા માટે?'' ડોનાલ્ડ ટ્રમ્પના નિવેદનથી મોદીનું નાક કપાયું છે, તો પણ ભારતે હજુ સુધી કોઈ સત્તાવાર પ્રતિભાવ આપ્યો નથી.

ડોનાલ્ડ ટ્રમ્પે ભારત અને વડા પ્રધાન મોદી અંગે સતત અપમાનજનક ટિપ્પણીઓ કરી છે. મંગળવારે તેમણે પત્રકારોને જણાવ્યું હતું કે ભારત પર ઊંચા ટેરિફને લઈને મોદી તેમનાથી નારાજ છે. રવિવારે તેમણે કહ્યું કે મોદી રશિયન તેલ ખરીદી પરના તેમના ગુસ્સાથી વાકેફ છે અને આપણે તેમના પર ખૂબ જ ઝડપથી ટેરિફ વધારી શકીએ છીએ અને તે તેમના માટે ખૂબ જ ખરાબ હશે. આ ટિપ્પણીઓએ શંકા વ્યક્ત કરી હતી કે શું ડોનાલ્ડ ટ્રમ્પ ભારત પ્રત્યે આકરું વલણ જાળવી રાખવા માંગે છે કે વેપાર સોદા સાથે ઝડપથી આગળ વધવા માંગે છે. ડિસેમ્બરમાં રશિયાથી ભારતની તેલ આયાત જૂનમાં ૨૧ લાખ બેરલ પ્રતિ દિવસની ટોચથી ૪૦ ટકા ઘટી ગઈ છે. ડોનાલ્ડ ટ્રમ્પ માટે આ એક મહત્ત્વપૂર્ણ સિદ્ધિ તરીકે જોવામાં આવી રહી છે, કારણ કે તેઓ વ્લાદિમીર પુતિનના યુદ્ધના મશીનમાં રોકડનો પ્રવાહ રોકવા અને યુક્રેન સંઘર્ષનો અંત લાવવાના પ્રયાસો કરી રહ્યા છે.

કેનેડી સેન્ટર ખાતે હાઉસ રિપબ્લિકન્સ કાર્યક્રમમાં, ટ્રમ્પે અમેરિકન ફાઇટર જેટ અને ટેરિફ વિશે વાત કરતી વખતે વડા પ્રધાન મોદી અને ભારત વિશે વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે F-35 મેળવવામાં ઘણો સમય લાગે છે. ભારત અપાચે હેલિકોપ્ટર અંગે મારી પાસે આવ્યું અને કહ્યું, સાહેબ, અમે પાંચ વર્ષથી આની રાહ જોઈ રહ્યા છીએ. અમે હવે તેને બદલી રહ્યા છીએ. ભારતે ૬૮ અપાચે હેલિકોપ્ટરનો ઓર્ડર આપ્યો હતો. વડા પ્રધાન મોદીએ મને પૂછ્યું કે સાહેબ, કૃપા કરીને હું તમને મળી શકું? મેં હા પાડી કારણ કે મારા તેમની સાથે ખૂબ સારા સંબંધો છે. જો કે તેઓ મારાથી એટલા ખુશ નથી કારણ કે તેમને ચૂકવવા પડતા ટેરિફ છે. પરંતુ હવે તેમણે રશિયાથી તેલની આયાત ઘણી હદ સુધી ઘટાડી દીધી છે. ટેરિફને કારણે આપણે વધુ સમૃદ્ધ થઈ રહ્યા છીએ.

જો કે, ભારતીય મીડિયા ટ્રમ્પના દાવાને ખોટો ગણાવી રહ્યું છે. ટાઇમ્સ ઓફ ઇન્ડિયાના એક અહેવાલ મુજબ ભારતે અમેરિકા પાસેથી ૬૮ નહીં, પરંતુ ફક્ત ૨૮ અપાચે હેલિકોપ્ટર ખરીદ્યાં હતાં. આમાંથી ૨૨ અપાચે માટેનો સોદો સપ્ટેમ્બર ૨૦૧૫ માં ઓબામા વહીવટના અંતિમ દિવસોમાં થયો હતો, જ્યારે બાકીનાં છ માટેનો સોદો ૨૦૨૦ માં ટ્રમ્પના પ્રથમ કાર્યકાળ દરમિયાન થયો હતો. રવિવારે, એરફોર્સ વનમાં સવાર અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકન ટેરિફ અને રશિયાથી ભારત દ્વારા તેલની આયાતમાં

**ટુ ધ પોઈન્ટ ■ સમકિત શાહ ■**

ઘટાડો કરવાના પ્રશ્ન પર કહ્યું હતું કે તેઓ મને ખુશ કરવા માંગતા હતા. મોદી મૂળભૂત રીતે ખૂબ જ સારા વ્યક્તિ છે. તેઓ જાણતા હતા કે હું ખુશ નથી અને મને ખુશ કરવું મહત્ત્વપૂર્ણ છે. ગયા વર્ષે ૨૨ એપ્રિલના રોજ ટ્રમ્પે પહેલગામ હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે લશ્કરી સંઘર્ષ અટકાવવાનો દાવો કર્યો હતો. ભારત અને પાકિસ્તાન વચ્ચેના યુદ્ધને રોકવાની જાહેરાત સૌ પ્રથમ ડોનાલ્ડ ટ્રમ્પે કરી હતી. ત્યારથી ટ્રમ્પ વારંવાર દાવો કરી રહ્યા છે કે તેમના હસ્તક્ષેપથી લડાઈ બંધ થઈ હતી. આ દાવાઓ ભારત માટે અસ્વસ્થતાભર્યા રહ્યા છે, કારણ કે ભારતની કાશ્મીર મુદ્દા પર કોઈ પણ મધ્યસ્થી સ્વીકારવાની નીતિ નથી.

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ મંગળવારે ઇન્સ્ટાગ્રામ પર એક પોસ્ટમાં પોતાનો એક વીડિયો શેર કર્યો અને વડા પ્રધાન મોદી પર અમેરિકા સામે ઝૂકવાનો આરોપ લગાવ્યો હતો. જો કે, કોંગ્રેસ પાર્ટીના સાંસદ અને વરિષ્ઠ નેતા શશિ થરૂરે ભારતના વલણને રાષ્ટ્રીય હિત સાથે જોડ્યું છે. ટ્રમ્પના મોદી પરના નિવેદન વિશે પૂછવામાં આવતાં તેમણે કહ્યું કે દરેક દેશ માટે તેનું રાષ્ટ્રીય હિત સર્વોપરી છે. મારા માટે, તે રાષ્ટ્રીય હિતનો અર્થ એ છે કે શક્ય હોય ત્યાં સુધી, આપણે કોઈ મોટો દુશ્મન કે કોઈ મોટી સમસ્યા ઊભી કરવા માંગતા નથી. આપણે દરેક સાથે વાતચીતના માર્ગો ખુલ્લા રાખવા માંગીએ છીએ. મેં ઘણા લેખોમાં આ બહુ-ધ્રુવીય અભિગમને સમર્થન આપ્યું છે. જ્યારે આપણા રશિયા સાથે સારા સંબંધો છે, ચીન સાથે સારા સંબંધો છે, અમેરિકા સાથે સારા સંબંધો છે, ત્યારે આપણે યુરોપ સાથે ખૂલી રહ્યાં છીએ, આફ્રિકામાં નવા સંબંધો બનાવવાનો પ્રયાસ કરી રહ્યા છીએ અને ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડમાં પરિસ્થિતિ સુધારવાનો પ્રયાસ કરી રહ્યાં છીએ. આપણી સાથે જાપાન, દક્ષિણ કોરિયા અને દક્ષિણ-પૂર્વ એશિયાઈ દેશો છે. આ બધી બાબતો વિકલ્પો વધારવાની રાજનીતિનો ભાગ છે.

વ્યૂહાત્મક બાબતોના નિષ્ણાત બ્રહ્મા ચેલ્લાનીએ ટ્રમ્પના નિવેદન સાથે અસંમત થઈને લખ્યું કે ડોનાલ્ડ ટ્રમ્પ વારંવાર નરેન્દ્ર મોદીને મારા ખૂબ સારા મિત્ર કહે છે. વાસ્તવમાં, આ વાક્ય રાજદ્વારી નરમાઈનું કામ કરે છે, જ્યારે અમેરિકાએ ભારત પર સૌથી કડક આર્થિક દબાણ લાદ્યું છે, જેમાં ૫૦ ટકા ટેરિફનો પણ સમાવેશ થાય છે. દાયકાઓમાં ભારતે કોઈ પણ સાથી તરફથી આવા દબાણનો સામનો કર્યો નથી. અપાચે હેલિકોપ્ટરની ડિલિવરીમાં વિલંબ વિશે વાત કરતી વખતે ટ્રમ્પે કહ્યું કે મોદીએ તેમને પૂછ્યું કે સાહેબ, શું હું તમને મળી શકું? મોદી ટ્રમ્પ અથવા અન્ય કોઈ નેતાને 'સાહેબ' કહીને બોલાવે તેવી શક્યતા ખૂબ જ ઓછી છે. હકીકતમાં, આ નિવેદન ડોનાલ્ડ ટ્રમ્પની શૈલી સાથે મેળ ખાય છે, કારણ કે તેઓ કોઈ બીજા સાથેની વાતચીત યાદ કરતી વખતે સમાન સૂત્રનો ઉપયોગ કરે છે. આ કોઈ પણ વાતચીતમાં પોતાને શ્રેષ્ઠ બતાવવાની એક રીત છે.

ભારતના ભૂતપૂર્વ વિદેશ સચિવ કંવલ સિબ્બલે લખ્યું કે ફક્ત બાળકો જ આ વાતો માને છે. શરૂઆતમાં, એવી વાર્તા ફેલાવવામાં આવી રહી હતી કે મોદી ટ્રમ્પના ફોન કોલ્સ ઉપાડવાનો ઇનકાર કરી રહ્યા હતા. કેટલાક સારા ઈરાદાવાળા મધ્યસ્થીઓએ બંને વચ્ચે ફોન કોલ્સ ગોઠવવાનો પ્રયાસ કર્યો હતો. પરિણામે ટ્રમ્પે મોદીને તેમના જન્મદિવસની શુભેચ્છા પાઠવી હતી. ટ્રમ્પનાં તથ્યો પણ ખોટાં છે. તેમના ખોટા દાવાથી વિપરીત, ભારતે ૬૮ નહીં, પરંતુ ફક્ત ૨૮ અપાચે હેલિકોપ્ટરનો ઓર્ડર આપ્યો હતો. તેમાંથી ૨૨ની સમયસર ડિલિવરી કરવામાં આવી હતી. ૨૦૨૦ માં ઓર્ડર કરાયેલાં છ હેલિકોપ્ટરની ડિલિવરીમાં વિલંબ થયો હતો. કોઈ પણ સંજોગોમાં, વિલંબ એટલો ગંભીર નહોતો કે વડા પ્રધાન મોદીએ ટ્રમ્પ પાસે ભીખ માંગવી પડે.

ગયા વર્ષે ઓગસ્ટમાં જર્મન અખબાર ફ્રેન્કફર્ટર ઓલ્ગેમાઈન ઝેઈટંગે અહેવાલ આપ્યો હતો કે ટેરિફ અંગેના તણાવ વચ્ચે ભારતીય વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ડોનાલ્ડ ટ્રમ્પના ચાર ફોન કોલ્સને અવગણ્યા હતા. જાપાની અખબાર નિક્કી એશિયાએ પણ એક અહેવાલમાં આવો જ દાવો કર્યો હતો. ડોનાલ્ડ ટ્રમ્પનાં સતત નિવેદનો પરથી લાગે છે કે મોદી અને ટ્રમ્પ વચ્ચે એવું કાંઈક બન્યું છે, જેને મોદી ભૂલી જવા માગે છે, પણ ટ્રમ્પ તેમને તે વાત વારંવાર યાદ કરાવ્યા કરે છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

**લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ મંગળવારે ઇન્સ્ટાગ્રામ પર એક પોસ્ટમાં પોતાનો એક વીડિયો શેર કર્યો અને વડા પ્રધાન મોદી પર અમેરિકા સામે ઝૂકવાનો આરોપ લગાવ્યો હતો**

## અનુસંધાન... પાના છેલ્લાનું

### વાંસદાની તરુણી...

તરુણીને રાત્રે ક્યાં ગઇ હોવાનું પૂછતા તેણે સમગ્ર બનાવ અંગે જણાવતા તરુણીની માતાએ આ તમામ યુવાનો વિરુધ્ધ વાંસદા પોલીસ મથકે ગુનો નોંધવતા વાંસદા પોલીસ અને નવસારી એલ.સી.બી. એ ગુરુવારે મોડી રાત્રે તમામને ઝડપી લઈ આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

### ગુજરાતના અધિકારીઓ...

દ્વારા સૂચવાયેલ પ્રજાના કામો ને પ્રાધાન્ય આપી પ્રજાલક્ષી અને પ્રજાના હિતમાં નિર્ણય લેવામાં આવે સાથે જ જરૂરી સામે કડક પગલાં લેવામાં આવે.

### CMA ફાઉન્ડેશનમાં...

કિશોર વાઘેલાએ માહિતી આપતાં જણાવ્યું હતું કે, CMA ફાઉન્ડેશન પરીક્ષામાં કુલ 593 વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી, જેમાંથી 496 વિદ્યાર્થીઓ સફળ થયા છે. આ રીતે સુરત ચેપ્ટરનો પાસ રિઝલ્ટ 87% રહ્યો છે, જે પશ્ચિમ ભારતમાં સર્વોચ્ચ છે. તેમણે જણાવ્યું કે, સુરત ચેપ્ટરના બે વિદ્યાર્થીઓએ ઓલ ઈન્ડિયા ટોપ-10માં સ્થાન મેળવવું સમગ્ર ચેપ્ટર માટે ગર્વની બાબત છે અને તે સતત ગુણવત્તાયુક્ત માર્ગદર્શન તથા વિદ્યાર્થીઓની મહેનતનું પરિણામ છે.

### સફળતાનું રહસ્ય...

તૈયારી, નિયમિત પુનરાવર્તન (રીવિઝન) અને પરીક્ષામાં આત્મવિશ્વાસ વધારવા માટે RCI ટેસ્ટ સિરીઝનો અસરકારક ઉપયોગ. હવે નજર ઇન્ટરમીડિયેટ અને ફાઇનલ લેવલ તરફ છે, જ્યાં અંતિમ લક્ષ્ય એ જ છે કે આ શૈક્ષણિક સફળતાને વૈશ્વિક સ્તરે એક સફળ નાણાકીય નેતા તરીકેના કારકિર્દીમાં રૂપાંતરિત કરવું.

### સોશિયલ મીડિયાથી...

સંદેશ આપતા કહ્યું કે, સતત મહેનત કરો, પ્રક્રિયા પર વિશ્વાસ રાખો અને યોગ્ય માર્ગદર્શન મેળવો. એક સફળ CMA વ્યાવસાયિક બનીને ઉદ્યોગ ક્ષેત્રમાં અર્થપૂર્ણ અને સકારાત્મક યોગદાન આપવાનું મારું લક્ષ્ય છે.

### ડ્રગ્સ લેબોરેટરી...

કરવામાં આવી છે. તે પહેલાં થર્ટી ફર્સ્ટની રાત્રે જીલ ભૂપત ઠુમ્મર ને ૨૩૬.૭૮૦ ગ્રામ મેકેડ્રોન ડ્રગ્સ સાથે પકડતાં આ લેબોરેટરી સુધી રેલો લંબાયો હતો.દરોડામાં હાઈકવોલિટી અને રેર ગણાતું ૧૨.૯૫૦ ગ્રામ બ્લ્યુ ક્રિસ્ટલ મેફેડ્રોન મળી આવ્યું હતું. તે બનાવવા માટે ઉપયોગી રો-મટીરિયલ અને કેમિકલના જથ્થા સહિત ૨.૯૨ લાખની મતા હાથ લાગી હતી. બી.એસ.સી. કેમિસ્ટ્રી, માસ્ટર ઓફ કેમિસ્ટ્રીનો અભ્યાસ કરી ચૂકેલા તથા સચિનની જાણીતી કંપનીમાં સિનિયર લેબ ટેકનિશિયન તરીકે નોકરી કરતા ૨૮ વર્ષીય બ્રિજેશ વ્રજલાલ ભાલોડિયા અહીં છેલ્લા ત્રણેક મહિનાથી રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટને નામે લેબનો પોર્શન પેટા ભાડુઆત તરીકે રાખી લંડનમાં બેસેલા માસ્ટરમાઈન્ડ જનક જાગાણીના ઈશારે મેફેડ્રોનનું ઉત્પાદન કરતો હતો. જનકના જ બે સાગરીતો ખુશાલ વલ્લભભાઈ રાણપરિયા અને ભરત ઉર્ફે ભાણો દામજી લાઠિયા ને સપ્લાય કરતો હતો. જે તેઓ જીલ ઠુમ્મરને વેચતા હતા. આ બંને પેડલરની પણ પોલીસે ધરપકડ કરી હતી.હતો.દરોડા સમયે મુંબઈ અને ગોવા માટે અંદાજે ૫ કરોડના ડ્રગ્સનો ઓર્ડર તૈયાર કરવામાં આવી રહ્યો હતો. આરોપીઓને કોર્ટમાં રજૂ કરતા બે દિવસના રિમાન્ડ મંજૂર કરાયા છે,જેમાં આઈબી દ્વારા પણ પૂછપરછ કરવામાં આવી છે. આ મામલે ATS પણ વિગતો મંગાવી છે. આરોપીઓ અગાઉ ક્યાં લેબોરેટરીમાં ડ્રગ્સ બનાવતા હતા તે દિશામાં પણ તપાસ ચાલુ છે. પોલીસે આરોપીઓના મોબાઈલ અને બેંક ખાતાઓની ટેક્નિકલ એનાલિસિસ આધાર તપાસ કરી વધુ માહિતી મેળવી રહી છે.

## આરોપીઓ મોબાઈલ માંથી અનેક ડ્રગ્સના ફોટો મળી આવ્યા છે

પોલીસ હાલ ટેકનિકલ એનાલિસિસ આધારે તપાસ શરૂ કરી છે.જેમ કેટલાક ડ્રગ્સ ખરીદનાર વચેટિયા નામો પણ બહાર આવ્યા છે. ડ્રગ્સ મામલે કેટલાક લોકોને કયા પ્રકારનું ડ્રગ્સ છે તે મામલે ડ્રગ્સના ફોટો પણ મોકલતા હોવાની વોટ્સએપ ચેટ મળી આવી છે. આરોપીના બેંક ખાતાની પણ પોલીસ તપાસ કરી રહી છે. જેમાં આરોપીઓને મોટી રકમ મોકલનારના આગમી દિવસોમાં નિવેદન લેવાશે. આખું નેટવર્ક એક વર્ષથી ચાલતું હતું અને ઇન્ટરનેશનલ માર્કેટમાં પણ ડ્રગ્સ વેચાતા હોવાની દિશામાં તપાસ ચાલી રહી છે.

### શું ઈશા...

તપાસ કરતા SOG પીઆઈ પૂછતા લાયસન્સની તપાસ કરવાની તેમનામાં નહીં આવતી હોવાનું જણાવ્યું હતું.

### ઇશાને લંડનથી...

પૈસા મોકલાવતા તેની તપાસ થાયતો આખા કૌભાંડમાં પરદો ઉઠે તેમ છે. ઇશાના પિતા પર અગાઉ પોલીસ પર કેરોસીન નાંખી સળગાવવાનો પ્રયત્ન કરવાની અમે પત્રકાર બની તોડ કરવાની ફરિયાદો નોંધાઈ છે.

### સુરતની ઉમા...

જીઆઈડીસીમાં આવેલી ઓપીજકેમ પ્રાઈવેટ લિમિટેડ અને પાનોલી જીઆઈડીસીમાં આવેલી ઓમ ક્લોરાઈડ કંપનીને ક્લોઝર આપવાની કાર્યવાહી કરી છે. આ ઉપરાંત સુરતમાં જ્યાં સીધું પાલિકાની ગટર લાઈનમાં કેમિકલ ઠાલવવામાં આવતું હતું તે પાંડેસરા જીઆઈડીસીની ઉમા એન્ટરપ્રાઈઝ અને મા એન્ટરપ્રાઈઝ સામે પણ તાત્કાલિક અસરથી ક્લોઝરનો આદેશ આપવામાં આવ્યો છે. બંને એકમોને 25 લાખનો ભારે દંડ ફટકારવામાં આવ્યો છે. જીપીસીબી દ્વારા આપવામાં આવેલા ક્લોઝર આદેશ સાથે સંકળાયેલી તમામ કંપનીઓના પાણી અને વીજ કનેક્શન તાત્કાલિક કાપવાની કાર્યવાહી પણ શરૂ કરવામાં આવશે.

### હજીરામાં સરકારી...

ચીમકી ગ્રામજનોએ ઉચ્ચારી છે. ગ્રામજનોએ પોલીસ, મામલતદાર અને આરટીઓ કચેરીને પુરાવા સહિત ફરિયાદ કરી છે.

### આજથી સુંવાલીમાં...

સ્થાનિક રોજગારીનો અનોખો સંગમ ઉભો કરશે.

આજે સાંજે ૫.૦૦ વાગે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પાટીલના હસ્તે ફેસ્ટિવલનો સત્તાવાર શુભારંભ થશે.











